ગાંધીનગર સમાચાર

**પાટીદાર અનામત આંદોલન ફરી છેડવા માટેની જાહેરાત**

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે અમીત શાહની વરણીને વધાવી આનંદોત્સવ મનાવાયો



ગાંધીનગર, તા. ૨૪

પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓએ ઢોલ-નગારાના તાલે અને ગુલાલ ઉડાડી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે સતત બીજી ટર્મ માટે અમીત શાહની થયેલી વરણીને વધાવી હતી.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી માટે દિલ્હી ભાજપ કાર્યાલય ખાતે હાથ ધરવામાં આવેલી પ્રક્રિયામાં અમીત શાહનું એક માત્ર ઉમેદવારીપત્ર ભરાતા અને અન્ય કોઈએ દાવેદારી ન કરતા આખરે સર્વસંમતિથી અમીત શાહની સતત બીજી ટર્મ માટે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે અમીત શાહની વરણી થતાં અને ગુજરાતમાં સુરતની ચોર્યાસી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારનો વિજય થતાં ગાંધીનગર-કોબા ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે વિજયોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## ગાંધીનગર-એરપોર્ટ માર્ગ પર ચાંપતો પોલીસ બંદોબસ્ત છતાં

# નભોઈ કેનાલ પાસે ૧૨.૧૩ લાખની લુંટ...!

**દાગીના ઘડવાનું કામ કરતા વેપારી સે-૨૧માંથી ભત્રીજાને એકટીવા પાછળ બેસાડીને અમદાવાદ જવા નીકળ્યા ને મોડી સાંજે બે બાઈક પર આવેલા છ લુંટારૂઓ લુંટી ગયા : આંખમાં મરચાની ભુકી નાંખીને વેપારીને માર મારી રૂ. ૯ લાખ રોકડા તથા સોનું લુંટી ગયા**

ગાંધીનગર, તા.૨૪

સ્પીકર્સ કોન્ફરન્સને પગલે ગાંધીનગરમાં ગઈ કાલે તમામ રાજયોના સ્પીકર્સ તથા લોકસભાના મુખ્ય સ્પીકર સુમિત્રા મહાજન પણ હાજર હતાં. મોડી સાંજે એરપોર્ટ રૂટ પર તમામ વીવીઆઈપી જવાના હોવાથી આ રૂટ પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તેમ છતાં આ જ રૂટ પર સ્થિત નભોઈ કેનાલ પાસે એક વેપારીને આંતરીને આંખમાં મરચાની ભુકી નાંખી છ શખ્સો રૂ. ૧૨.૧૩ લાખની મત્તા લુંટી જઈ પોલીસને લપડાક લગાવી તમામ લુંટારૂઓ અંધારામાં ઓગળી ગયા હતા. ઈન્ફોસીટી પોલીસે વેપારીની ફરીયાદને આધારે લુંટનો ગુનો દાખલ કરીને લુંટારૂઓ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

અમદાવાદના સાળંગપુર વિસ્તારમાં રહેતા અને મુળ કર્ણાટકના સોનાના દાગીના ઘડવાનું કામ કરતા વેપારી ધાનાજી વિરપ્પા પોલેલકરની ગાંધીનગર સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર ખાતે દુકાન આવેલ છે. ગઈ કાલે સાંજે સાત વાગ્યાના અરસામાં દુકાન બંધ કરીને તેમના ભત્રીજા સંતોષને લઈને ધાનાજી તેમના એકટીવા પર અમદાવાદ જવા નીકળ્યા હતા. નભોઈ નર્મદા કેનાલ પાસે પહોંચવા આવ્યા ત્યારે બે બાઈક પર આવેલા છ શખ્સો તેમની નજીક આવ્યા અને એકટીવા ઉભું રાખવા ધમકી આપી. એકટીવા ઉભું ન રાખતા થોડેક આગળ જઈને એકટીવા આંતરી છ શખ્સોએ તેમને ઉભા કરી દીધા હતા.

એકટીવા પરથી ઉતરીને ધાનાજીએ હેલ્મેટ જેવું કાઢયું કે તરત મરચાની ભુકી આંખમાં નાંખીને તેમને તથા સંતોષને પકડી તેઓ મારવા લાગ્યા હતા અને છ પૈકી બે શખ્સોએ એકટીવાની ડેકી ખોલી અંદરથી રૂ. ૯ લાખ રોકડા, સોનાનું ૧૦૦ ગ્રામનું બિસ્કીટ અને અન્ય પરચુરણ સોનાની આઈટમ મળીને કુલ રૂ. ૧૨,૧૩,૦૦૦ની મત્તાની લુંટ ચલાવી એકટીવા પણ સાથે લઈ જઈ છ શખ્સો ફરાર થઈ ગયા હતા.

લુંટ અંગે પોલીસને જાણ કરતા ઈન્ફોસીટી પોલીસ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. થોડે દુરથી લુંટમાં ગયેલું તેમનું એકટીવા બિનવારસ હાલતમાં મળી આવ્યું હતું. ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને લુંટારૂઓ સુધી પહોંચવા સીસીટીવી ફુટેજનું ચેકીંગ શરૂ કર્યું છે. કોઈ વ્યકિત સતત વૉચમાં હોવાની શકયતાને પગલે સે-૨૧ શોપીંગથી પણ કેટલીક દુકાનોના સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવી રહ્યા છે.

# ૨૦૧૨ની તુલનામાં ગાંધીનગર(ઉ)માં મહિલા મતદારો સૌથી વધુ વધી !!

**જિલ્લામાં ૨૦૧૨ની તુલનામાં ૧,૨૪,૦૭૮ મતદારો વધ્યા**

ગાંધીનગર, તા. ૨૪

૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી બાદ જિલ્લામાં ૧,૨૪,૦૭૮ મતદારો વધ્યા છે. જેમાં ૬૩,૭૩૧ પુરૂષ અને ૬૦,૩૩૯ સ્ત્રી મતદારોનો વધારો થયો છે.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તાર એક માત્ર એવો મતવિસ્તાર છે જ્યાં ૨૦૧૨ની તુલનામાં મહિલા મતદારોએ નોંધણીમાં ભારે ઉત્સાહ દાખવ્યો છે. ૨૦૧૨માં નોંધાયેલા મતદારોમાં ૯૭,૯૦૦ મહિલા મતદારો હતી. જ્યારે ૨૦૧૬માં ૧,૦૮,૦૧૩ મહિલા મતદારો નોંધાયેલી છે. જે ૧૦,૧૧૩નો વધારો દર્શાવે છે. આ મતવિસ્તારમાં પુરૂષ મતદારોનો વધારો ૯૭૮૫ જ નોંધાયો છે.

૨૦૧૨ની તુલનામાં સૌથી વધુ વધારો ગાંધીનગર (દ) બેઠક પર થયો છે. જ્યાં ૪૦,૦૮૦ મતદારો વધ્યા છે. આ પછી કલોલ વિધાનસભા મતવિસ્તાર આવે છે. જ્યાં ૨૦૧૨ની તુલનામાં ૩૧,૧૧૫૩ મતદારો વધ્યા છે. ત્રીજા ક્રમે ગાંધીનગર (ઉ) આવે છે. જ્યાં ૧૯,૯૦૩ મતદારો વધ્યા છે. ચોથા ક્રમે દહેગામ જ્યાં ૧૮,૫૩૬ અને છેલ્લા ક્રમે માણસા જ્યાં ૧૪,૪૦૬ મતદારોનો વધારો ૨૦૧૨ની તુલનામાં નોંધાયો છે.

જિલ્લામાં મતદારોની દૃષ્ટિએ ગાંધીનગર (દ) પછી ગાંધીનગર (ઉ), કલોલ, માણસા અને દહેગામ

● અનુસંધાન પાન-૭ પર

# આજે મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૪

આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૬ઠ્ઠા રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી થશે. આ માટેની તૈયારીઓ પુરી થઈ ચુકી છે.

**૪ કલેકટર અને ૩ પંચના અધિકારી સહિત ૧૨થી વધુ અધિકારીઓનું આજે સન્માન થશે**

આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીમાં ૪ સનદી અધિકારીઓ ઉપરાંત રાજયમાં ચુંટણી પંચની કચેરીમાં જ ફરજો બજાવતા ત્રણ અધિકારીઓ શ્રી ગોરિયા, એમ.એચ. શ્રી પ્રબોધ ડાયાસ઼ા તેમજ શ્રી મધુકર છપ્પરધરે સહિત ૧૨ થી વધુ મહાનુભાવોનું સન્માન રાજયના રાજયપાલશ્રી ઓ.પી. કોહલી દ્વારા થનાર છે.

ચૂંટણી પંચ દ્વારા પંચની કચેરીમાં જ ફરજો બજાવતા કર્મચારીઓ-અધિકારીઓના સન્માન કરવાનો નિર્ણય ગત વર્ષે લેવાયો હતો અને સૌ પ્રથમ એવોર્ડ અધિક મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી અશોક માણેકને એનાયત થયો હતો જે ઉલ્લેખનીય છે.

આજે રાજયનું ખાસ પારિતોષિક શ્રી રાજેન્દ્રકુમારને આ ઉપરાંત સુશ્રી આર. મોહન ઉપરાંત ડૉ. ધવલ પટેલ અને સુ શ્રી પી. ભારથીને પણ શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ એનાયત થશે.

મતદાર એ સમૃદ્ધ લોકશાહીનું અંગભૂત માધ્યમ છે. ચૂંટણી પ્રક્રિયામાં મતદારોની ભાગીદારી એ ચૂંટણી તંત્ર માટે પાયાની આવશ્યકતા છે. નિષ્પક્ષ, અવરોધ વિના ચૂંટણી પ્રક્રિયાના સંચાલન માટે ચૂંટણી પંચને સંવૈધાનિક સત્તાઓ મળેલ છે. આથી લાયકાત ધરાવતા તમામ લોકોનો મતદારયાદીમાં સમાવેશ કરવાની અને મતદાર યાદી પર નોંધાયેલ તમામ મતદારો નિર્ભય બની નૈતિકતાથી મતદાન પ્રક્રિયામાં જોડાય એ અતિ આવશ્યક છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાષ્ટ્રપતિભવન ખાતે રાઈટર્સ ઈન રેસીડન્ટ પ્રોગ્રામ હેઠળ ધ્વનિલ પારેખની પસંદગી

ગાંધીનગર, તા. ૨૪

યુવા કવિ, નાટકકાર અને વિવેચક ધ્વનિલ પારેખની રાષ્ટ્રપતિભવન, નવી દિલ્હી ખાતે રાઈટર્સ ઈન રેસીડન્સ પ્રોગ્રામ હેઠળ પસંદગી થઈ છે. માર્ચ મહિનામાં યોજાનારા આ પ્રોગ્રામમાં ધ્વનિલ પારેખની સમગ્ર ગુજરાતમાંથી યુવા સર્જક તરીકે એક માત્ર પસંદગી થઈ છે. રાષ્ટપતિભવન ખાતે ૧૪ દિવસના આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી ૧૪ સર્જકોની પસંદગી થઈ છે. ધ્વનિલ પારેખ ત્યાં રહીને એક નાટકનું લેખન કરશે અને ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓ વિશે રજૂઆત કરશે.



શહેરના યુવા સર્જક ધ્વનિલ પારેખની પસંદગીથી સાહિત્યિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ ગૌરવ અનુભવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ધ્વનિલ પારેખ યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત થયેલ છે.




સ્થાન એક બસ સ્ટેન્ડ બે - ગાંધીનગરમાં ઘણી બધી જગ્યાઓ અને બાંધકામો અવનવા વિવાદો સર્જે છે... શહેરના ઘ-૬ સ્થાન પર એક જ બાજુએ પાસે-પાસે બે બસ સ્ટેન્ડ એસ.ટી. તંત્ર દ્વારા બાંધવામાં આવ્યા છે... મુસાફરો માટે અવઢવ બને છે... કે કયું બસ સ્ટેન્ડ સાચુ, બસ ક્યાં ઉભી રહેશે...? જુના-નવા બસસ્ટેન્ડની સ્પષ્ટતાઓ તંત્ર દ્વારા થાય તો મુસાફરોની હાલાકી ઘટી શકે એમ છે... જોકે જુનું બસ સ્ટેન્ડ સંસદ સભ્યોની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલું છે... જેનો મુસાફરોએ ક્યારેય ઉપયોગ કર્યો હોય તેવું જણાયું નથી... પરંતુ ચોમાસા દરમિયાન શ્રમજીવીઓ આ જુના બસ સ્ટેન્ડનો ઉપયોગ કરતા હોય તેવું લોક ચર્ચામાં અવશ્ય જણાયું છે... **(તસવીર : દિપક જાની)**

# પાટીદાર અનામત આંદોલન ફરી છેડવા માટેની જાહેરાત

**મહેસાણામાં પાટીદાર કન્વીનરોની બેઠકમાં નિર્ણય : હવે પહેલીથી અનામત માટે ત્રીજા તબક્કાના આંદોલનની શરૂઆતની જાહેરાત : વ્યસન મુક્તિ કાર્યક્રમને પણ ટેકો**

અમદાવાદ,તા. ૨૪

પાટીદાર અનામત આંદોલનનો નવો તબક્કો શરૂ કરવાની જાહેરાત પાટીદારો દ્વારા કરવામાં આવતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ભાજપ સરકાર માટે એક નવી સમસ્યા ઉભી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. પાટીદારો સાથે સમાધાન કરવાની વાત ચાલી રહી છે ત્યારે પાટીદારો લડાયક મૂડમાં દેખાઈ રહ્યા છે અને આજે બપોરે મહેસામાણાં પાટીદારોની બેઠક યોજાઈ હતી જેમાં આંદોલનને આગળ વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ગુજરાતભરના આંદોલનના કન્વીનરોની આ બેઠક યોજાઈ હતી. જેમાં પહેલી ફેબ્રુઆરીથી અનામત માટે આંદોલનના ત્રીજા તબક્કાની શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત ઠાકોર સમાજ દ્વારા છેડવામાં આવેલી વ્યસન મુક્તિ ઝુંબેશને પણ પાટીદાર નેતાઓએ યોગ્ય ગણાવી છે.

૨૬મી જાન્યુઆરીના દિવસે અમદાવાદમાં યોજાનાર ઠાકોર સમાજના વ્યસન મુક્તિ કાર્યક્રમને ટેકો આપવાની પાટીદારોએ જાહેરાત કરી છે. પાટીદારોએ એવો નિર્ણય પણ કર્યો છે કે, ૩૦મી જાન્યુઆરી સુધી જેલમાં રહેલા નેતાઓમાં મુક્ત કરવામાં નહીં આવે તો આંદોલન ચલાવવામાં આવશે. ગુજરાતભરના પાટીદાર કન્વીનરોની આ બેઠકને રાજકીયરીતે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. હાર્દિક પટેલ સહિતના અગ્રણીઓ હાલ જેલમાં છે ત્યારે પાટીદારો લડાયક મુડમાં છે. મહેસાણામાં આજે મહત્વની બેઠક યોજાઈ હતી જેમાં આગામી કાર્યક્રમોની રુપરેખા તૈયાર કરાઈ હતી. સાથેસાથે આંદોલનને વેગ આપી સરકાર સામે દેખાવો કરવાની નીતિ તૈયાર કરાઈ હતી. પાટીદાર નેતાઓને જેલમાં છોડાવવા માટે સરકારને અલ્ટીમેટમ આપવામાં આવનાર છે. ૨૮મી ફેબ્રુઆરીના દિવસે મહેસાણા ખાતે વિશાળ મહિલા સંમેલન યોજવામાં આવશે.

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010. Tel.: +91-79-66701001
Fax: +91-79-23236477 Website: www.gujpetronet.com, E-mail: investors.gspl@gspc.in

NOTICE

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 4th February, 2016, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 31st December, 2015.

The said intimation is also available on the Company's website viz. www.gujpetronet.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

Place : Gandhinagar
Date : 23 January, 2016

For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

IndusInd Bank
લોન... લોન... લોન...
જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...
● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ
૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

સ્ટોક માર્કેટ ઓફિસ સ્ટાફ
(૧) ટર્મીનલ ઓપરેટર NSE - BSE, Commo : 4 પોસ્ટ
(૨) ફ્રન્ટ ઓફિસ આસીસ્ટન્ટ ઉંમર 40 થી વધુ : 4 પોસ્ટ
(3) ઓફિસ બોય ઉંમર 18 થી 25 વ્હીકલ હોવું જરૂરી : 4 પોસ્ટ
આકર્ષક પગાર + ઈન્સેન્ટીવ + મેડીકલ + પેટ્રોલ
M. 8511568737

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com